# ધોરણ - ૧૦

## વિષય – સંસ્કૃત

## સ્વાધ્યાય

### પાઠ – 11

## यस्य जनन तस्य मरणम्



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

# ૧૨. यस्य जननं तस्य मरणम्

1) કથાના માધ્યમથી ઉપદેશ આપવાની પરંપરા ક્યાંથી શરૂ થઈ છે?
-> આર્યશૂરની જાતકમાલાથી

2) જાતકમાલાઓમાં કોની કથાઓનું વર્ણન કરવામાં આવેલ છે?
-> ભગવાન બુદ્ધના પૂર્વ જન્મની કથાઓનું વર્ણન

3) નામકરણની બાબતમાં સંસ્કૃત કથાની કઈ વિશેષતા છે?
-> પાત્રના નામના આધારે તેમના કર્મ અને ગુણ વ્યક્ત થયેલાં છે.

4) વિત્તદાસ અને કૂટનાથ શબ્દના અર્થ જણાવો.
-> વિત્તદાસ એટલે પૈસાનો ગુલામ અને કૂટનાથ એટલે કૂટનીતિનો સ્વામી

## શબ્દાર્થ

प्रभूतलोभ :- ખૂબ લોભી
प्रातिवेशिक :- પડોશી
वित्तदास :- ધનનો ગુલામ
लुब्ध :- લોભિયો
केनापि उपायेन - ગમે તે ઉપાયે
वञ्चनीय :- છેતરવો
कूटनाथ :- કૂટનો સ્વામી, કપટવિદ્યાનો જાણકાર
गृहम् उपगम्य - ઘેર જઈને
परश्वः :- પરમ દિવસે
प्रत्यर्पयिष्यामि - પાછા આપી દઈશ.

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



प्रातिवेशिकधर्मभावेन - પડોશીનો ધર્મ છે એવી ભાવના વડે.
पात्रोपयोगावसाने - પાત્રોનો ઉપયોગ થતી ગયા પછી
तत्र स्थापितवान् - ત્યાં મૂકી દીધાં
विस्मितः - આશ્ચર્ય પામેલો
प्रसूतानि - પ્રસૂતિ થઈ
अपत्यानि - સંતાનો
अपत्यरूपेण - સંતાનરૂપે
जातः - થયો, બન્યો
व्यतीतेषु कतिपयेषु - કેટલાક (દિવસો) વીતી ગયા ત્યારે

ભાષાંતર :

ખૂબ લોભી અને ધનવાન વિત્તદાસ નામનો કોઈ એક વાણિયો હતો. તેનો કુટનાથ નામનો એક વૈશ્ય પડોશી હતો.

એક વાર કુટનાથે વિચાર્યું કે આ વિત્તદાસ ધનવાન હોવા છતાં લોભિયો છે. તેથી કોઈ પણ ઉપાયે મારે આને છેતરવો. આમ વિચારીને તે કુટનાથે એક વાર વિત્તદાસના ઘેર જઈને કહ્યું, "હે શેઠજી, અમારા ઘણા કુટુંબીજનો આવતી કાલે અતિથિઓ બનશે. તેમના માટે ભોજન વગેરે બનાવવા કેટલાંક વાસણો તમે મને આપેલાં. પરમ દિવસે તે બધાં (વાસણ) પાછાં આપી દઈશ."

પડોશી ધર્મની ભાવના વડે વિત્તદાસે કુટનાથને વાસણો આપ્યા.

વાસણોનો ઉપયોગ થઈ ગયા પછી કુટનાથ વાસણો આપવાં માટે વિત્તદાસને ઘરે ગયો. તે વાસણો સાથે કુટનાથે બીજાં કેટલાક નાનાં નવાં

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



વાસણો પણ ત્યાં મૂક્યાં. નાનકડાં નવાં વાસણો જોઈને નવાઈ પામેલા વિત્તદાસે કૂટનાથને પૂછ્યું, "હે મિત્ર, આ વાસણો મારાં નથી." કૂટનાથે કહ્યું, "મિત્ર! જે વાસણો તમે મને આપેલાં તેઓનાં મારા ઘરમાં રાત્રે જન્મ થયેલો. આ નાનાં નવાં વાસણો તમારાં વાસણોનાં બચ્ચાં છે."

બચ્ચાંરૂપે નવાં વાસણો મેળવીને વિત્તદાસ ખુશ થયો.

કેટલાક દિવસ વીતી જતાં ફરી વાર કૂટનાથે વિત્તદાસને વાસણો માટે માગણી કરી. આપેલાં વાસણો કરતાં પણ વધારે વાસણોનો લાભ થશે એવી દુર્મતિથી પ્રેરાયેલા વિત્તદાસે તેને બધાં જોઈતાં વાસણો આપ્યાં.

એક માસ વીતી જવા છતાં જ્યારે કૂટનાથે વાસણો પાછાં ન આપ્યાં. ત્યારે ચિંતિત થયેલા વિત્તદાસે કૂટનાથના ઘેર જઈને પોતાનાં વાસણો માગ્યાં. કૂટનાથે શોક સાથે કહ્યું, "તમારાં બધાં વાસણો મરી ગયાં છે. ગુસ્સે થયેલો વિત્તદાસ બોલ્યો, "આવું શી રીતે બને? હે ઠગારા! તું જૂઠું બોલે છે. નિર્જીવ વાસણોનું મરણ કઈ રીતે શક્ય છે?"

કૂટનાથ ધીરજ ધરીને શાંત વચનથી બોલ્યો. "હે મહાશય! જો વાસણોનો જન્મ થાય છે તો તેમનું મરણ પણ થાય છે. પહેલાં જન્મેલાં વાસણો તમારા ઘરમાં શોભે છે. જે વાસણો તમે આપેલાં તે મારા ઘરમાં મરી ગયા. તે બાબતમાં હું શું કરી શકું? જુઓ..

"વાસણોનો જન્મ થાય છે તો મરણની બાબતમાં સંશય શા માટે? જગતમાં જે ઉત્પન્ન થયેલું હોય છે તે સર્વ પ્રકારે ચોક્કસપણે નાશ પામે છે."

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education
shikshansagar.com

Page
Date

# स्वाध्याय

1\. 1) वित्तदासः धनिकोऽपि कीदृशः आसीत् ?
→ लुब्धः

2\. कूटनाथस्य गृहे के अतिथयः भविष्यन्ति ?
→ कुटुम्बिजनाः

3\. वित्तदासः कूटनाथाय केन भावेन पात्राणि प्रायच्छत् ?
→ प्रातिवेशिकधर्म भावेन

4\. कूटनाथः कदा पात्राणि प्रत्यर्पयितुं वित्तदासस्य गृहम् अगच्छत् ?
→ पात्रोपयोगावसाने

5\. किं सम्प्राप्य वित्तदासः विस्मितः अभवत् ?
→ नूतनानि पात्राणि

6\. 'भवतः सर्वाणि पात्राणि मृतानि ।' इदं वाक्यं कः वदति ?
→ कूटनाथः

2\. 1) अस्ति वित्तदासो नाम प्रभूतलोभः समृद्धः वणिग्जनः ।

2) कानिचित् लघूनि नूतनानि पात्राण्यपि तत्र स्थापितानि ।

3) व्यतीतेषु कतिपयेषु दिवसेषु कूटनाथः पुनरपि वित्तदासं पात्रेभ्यः प्रार्थयते।

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

4) सः तस्मै सर्वाणि इष्टानि पात्राणि दत्तवान् ।

5) कूटनाथः सशोकम् अकथयत् ।

3. 1) कूटनाथः किमर्थं पात्राणि अयाचत ?
-> अतिथिभूतानाम् कुटुम्बिजनानाम् भोजनादिनिर्माणाय कूटनाथः पात्राणि अयाचत ।

2) किं सम्प्राप्य वित्तदासः प्रसन्नः सञ्जातः ?
-> अपत्यरूपेण नूतनानि पात्राणि सम्प्राप्य वित्तदासः प्रसन्नः सञ्जातः ।

3) कूटनाथगृहं गत्वा वित्तदासः किम् अयाचत ?
-> कूटनाथगृहं गत्वा वित्तदासः स्वकीयानि पात्राणि अयाचत ।

4) निर्जीवानां पात्राणां किं न सम्भवति ?
-> निर्जीवानां पात्राणां मरणं न सम्भवति ।

5) जगति किं सर्वथा ध्रुवं नश्यति ?
-> जगति यत्समुत्पन्नं तत् सर्वथा ध्रुवं नश्यति ।

4. 1) लुब्धः :- लुभ् धातोः (4 प.) त-प्रत्ययान्त कर्मणि भूतकृदन्तम् पु. प्रथमा - एकवचन

2) प्रत्यर्पयितुम् - प्रति + अर्प् (1 प.) प्रेरक हेत्वर्थक धातुसाधितं कृदन्तम्

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

3) दत्तानि - दा (1 प., 3 उ.) कर्मणि भूतकृदन्तम्, नपुं. प्रथमा - द्वितीया - बहुवचन

4) वञ्चनीयः- वञ्च (10 प.) विध्यर्थ कृदन्तम्, पुं. प्रथमा - एकवचन

5) समप्राप्य - सम + प्र + आप (5 प.), सम्बन्धक भूतकृदन्तम् अथवा ल्यबन्तम् अव्ययम्

6) आपन्नः- आ + पद् (4 आ.) कर्मणि भूतकृदन्तम्, पुं. प्रथमा एकवचन

5. 1) वित्तदासः + नाम = वित्तदासो नाम
2) कः + चित् = कश्चित्
3) धनिकः + अपि = धनिकोऽपि
4) श्वः + अतिथयः = श्वोऽतिथयः
5) वित्तदासः + तस्मै = वित्तदासस्तस्मै

6. 1) पात्रैः सह अन्यानि पात्राणि स्थापितानि।
कैः सह अन्यानि पात्राणि स्थापितानि ?

2) पात्राणि रात्रौ प्रसूतानि।
पात्राणि कदा प्रसूतानि ?

3) कूटनाथः पात्रेभ्यः प्रार्थयत।
कः पात्रेभ्यः प्रार्थयत ?

Scanned with OKEN Scanner

शिक्षण સાગર · The King of Education · shikshansagar.com



4) पात्राणि भवत: गृहे विलसन्ति ।
पात्राणि कस्य गृहे विलसन्ति ?

5) पात्राणां जन्म भवति ।
केषाम् जन्म भवति ?

7.

| शब्द: | मूलशब्द: | लिङ्गम् | विभक्ति: | वचनम् |
|---|---|---|---|---|
| 1) पात्राणाम् | पात्र | नपुंसकलिङ्ग | षष्ठी | बहुवचनम् |
| 2) उपायेन | उपाय | पुंल्लिङ्ग | तृतीया | एकवचनम् |
| 3) रात्रौ | रात्रि | स्त्रीलिङ्ग | सप्तमी | एकवचनम् |
| 4) दिवसेषु | दिवस | पुंल्लिङ्ग | सप्तमी | बहुवचनम् |
| 5) मया | अस्मद् सर्वनाम | सर्वलिङ्गेषु समान | तृतीया | एकवचनम् |

8. 1) कुटनाथ: वित्तदासम् अकथयत् ।
कुटनाथ: वित्तदासं कथयति ।

2) कुटुम्बिजना: अतिथय: भविष्यन्ति ।
कुटुम्बिजना: अतिथय: भवन्ति ।

3) वित्तदास: कुटनाथाय पात्राणि प्रायच्छत् ।
वित्तदास: कुटनाथाय पात्राणि प्रयच्छति ।

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



9. 1) ફુટનાથે વિત્તદાસને છેતરવા માટે કઈ યોજના બનાવી ?

મહેમાનો આવવાના છે, એવું બહાનું કાઢીને ફુટનાથ વિત્તદાસ પાસેથી થોડાં વાસણો લઈ ગયો. પછી વાસણો પાછાં આપ્યાં ત્યારે તેમાં વધારાનાં થોડાં નાનાં નવાં વાસણો હતાં. ફુટનાથે વિત્તદાસને કહ્યું કે તમારાં વાસણોનો જન્મ થતાં વાસણો વધ્યાં છે. વિત્તદાસ પાસેથી બીજાં વાસણો મેળવવા માટે ફુટનાથે આ યોજના બનાવી.

2) વિત્તદાસે ફુટનાથને બીજી વાર પાત્રો (વાસણો) શા માટે આપ્યાં ?

કેટલાક દિવસો પછી ફુટનાથે વિત્તદાસ પાસે વાસણોની ફરી માગણી કરી. આપેલાં વાસણો કરતાં પણ વધારે વાસણોનો લાભ થશે એવી દુષ્ટ બુદ્ધિથી પ્રેરાયેલા વિત્તદાસે તેને બધાં જોઈતાં વાસણો આપ્યાં.

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર    ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સએપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION